સાલ : ૨૦ / સિલસિલાવાર નંબર : ૧૭૨ / શુમારો : ૪ કુલ પાના - ૧૬

بسم الله الرحمن الرحيم

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. રજબુલ અસબ - શાઅબાનુલ કરીમ ૧૪૪૪ / ફેબ્રુઆરી - માર્ચ ૨૦૨૩

# બિલ્ડીંગ

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં પોતાના ઘર કાઅબતુલ્લાહિલ હરામ કે, જેમાં અમીરૂલ મુમેનીન મૌ.અલીયુલ મુરતઝા (અ.સ.) ની ૧૩ રજબુલ મુરજ્જબના દિન પૈદાઈશ છે, તેની તાઅમીરનો હુકમ ફરમાવે છે. દુનિયાની સરઝમીન પર આ તે પહેલું ઘર-તાઅમીર-બિલ્ડીંગ છે જેને મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ અને આપના ફરઝંદ મૌ.ઈસ્માઈલ ઝબીહુલ્લાહ (અ.સ.) એ બનાવા કે, જેમાં આપનો મકામ છે અને અલ્લાહની વહેદાનીયતની ખુલ્લી નિશાનીઓ છે.

આ ઈમારતે મુનીરહ દુનિયાની બીજી તમામ ઈમારતો કરતા આઅલા અને અફઝલ છે. આસ્માની અન્વાર અને અંબિયાની બરકતોથી આ ઈમારત ખાસ છે. ૬ જેહત-પાઁસા વાલી આ ઈમારત દુનિયાના લોગો વાસ્તે મગફેરત નું મરકઝ છે. **દુનિયા** તખ્રીબ-મિટવા વાસ્તે છે, ખરાબી વાસ્તે છે, નેસ્તો નાબૂદી વાસ્તે છે અને **આખેરત** તાઅમીર વાસ્તે, બનાવવા વાસ્તે છે, ફલાહો બહેબૂદી વાસ્તે છે. હર કોઈ ઈન્સાન આ ઝમીન પર પોતાની રેહાઈશ અને ગુઝર-બસર કરવા વાસ્તે મકાન બનાવે છે. તે મકાન એના વાસ્તે પહેચાન અને એની ફેમિલી વાસ્તે સુકૂનો ઈત્મિનાનની જગા બને છે. ઝિંદગીમાં એક વાર ઘર બને છે અને તે વાસ્તે **બહેતરીન કોશિશ અને આઅલા બંદોબસ્ત** કરવામાં આવે છે.

મુમિનનું ઘર ભલે નાનું હોય મગર ઈશ્કે અહલુલ બૈત (અ.સ.) હોવાના સબબ તેમાં નૂર, બરકત અન રહેમત હોય છે. આલીશાન બંગલા યા પેન્ટ હાઉસ યા ફાર્મ હાઉસ યા મોટા ફલેટમાં રહેનારા, કોઈ ખોલી યા નાના રૂમ યા ટેનામેન્ટમાં રહેનારા કરતા ઝિયાદહ સુખી, ખુશ કે મુત્મઈન હોય છે ? આ સોચવું ખતા છે, ગલતી છે. હર તરહની રાહત-ફેસેલીટીવાલું મકાન દિલની ખુશી અને આપસી મોહબ્બતની કોઈ ગેરેન્ટી આપતું નથી. મકાનના રહેનારા પર મુન્હસિર હોય છે, દારોમદાર હોય છે કે, **તેઓ ઘરને હકીકતમાં રહેવા લાઇક ઘર કઇ તરહ બનાવે.** મુમિન જે વક્ત નવા મકાનની તલાશ-જુસ્તજૂ કરે છે તો પહેલા એ જોઈ છે કે, તે ઈલાકામાં મસ્જિદ અને મદ્રસો છે કે નથી ! બે ઈલાકામાં હમારી જમાઅતની મેઅમાર-વસ્તીમાં વધારો એના સબબ થયો કે, આજવા રોડ અને પ્રતાપનગર રોડ પરથી હમારી મસ્જિદ, મદ્રસો, જમાઅતખાનું અને મઝારાત નઝદીક છે, આસાનીથી જઈ શકાય છે અને હમારી સોસાયટી-સમાજની બંદિશ બરકરાર રહે છે.

હર મકાન-બિલ્ડીંગની તાઅમીર દરજા-બ-દરજા, સ્ટેપ-બાય-સ્ટેપ અને આહિસ્તગીથી થાય છે. કોઈ મકાન રાતોરાત ઊભું નથી થઈ જાતું. પહેલામાં પહેલા મકાનની જગા તય થાવી અને તેને ખરીદવા વાસ્તેનો બંદોબસ્ત અને પૈસાની અદાયેગી થાવી. તે બાદ મકાન બનવાની શરૂઆત થાય કે,

(૧) જેમાં પિલર્સ-થાંભલા, દીવાર, બારી અને દરવાઝા બનાવવા.

(૨) તે બાદ મુખ્તલિફ જગાઓ તય થાવી, રૂમ-બાથરૂમ-કિચન વગૈરહના ફ્લોર અને છતનું કામ થાવું.

(૩) તે બાદ ફર્નિચર-કલરથી, ઈલેક્ટ્રીક-ઈલોક્ટ્રોનીક ચીઝોથી રૂમની પહેચાન બનાવવી.

(બકીયહ પેજ નં. ૨ પર)

**અહલે બૈતે રસૂલ (સ.અ.) ફરમાવે છે કે, " હમેં દુનિયાના કુલ ખૈરના અહલ છે, માલિક છે. "**

(પેજ નં. ૧ નું બાકી)

(૪) ફરશ અને દીવારોને ચાદર, ગલીચા, પડદા, કવર, પગદંડી, તકીયાથી ઝીનત આપવી.

(૫) ફર્નિચર-કોર્નર-શેલ્ફ વગૈરહમાં મુકવા વાસ્તે ઝીનત-ઝૈબનો સામાન મુકવો.

(૬) ઘર ચાલે તે વાસ્તે તેના મુકીમ લોગોનો જમણ-પાણી વાસ્તે તમામ સામાન મોહય્યા કરવો.

(૭) તે બાદ આખિરમાં લાઇટ-પાણી-ડ્રેનેજ, પાર્કીંગ, લિફ્ટને બહાલ કરીને ઘરની તાઅમીર તકમીલ પર પહોંચાવવી.

આ તો દનિયાવી મકાન-બિલ્ડીંગની ગુફતગૂ થઇ. મગર હમેં નઝર કરીએ તો અલ્લાહતઅલાએ હમારે વાસ્તે દીને ઈસ્લામની એક આઅલા, મઝબૂત, ખૂબસૂરત અને રહેવા લાઇક નફસાની તરક્કી અને આખરતી સુકૂન વાસ્તે મકાન-ઈમારત-બિલ્ડીંગ બનાવેલી છે. તેની તાઅમીરની ઈબ્તેદા મૌ.આદમ સફીયુલ્લાહ (અ.સ.) એ કીધી અને તેમાં આખિરી એહતેમામાત-અંજામ મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) એ કીધા.

ગયા મઝકૂર ફકરા-પેરાગ્રાફમાં બિલ્ડીંગ-ઈમારતની તાઅમીર વાસ્તે ૭ અહમ તબકાત-સ્ટેજિઝની ઝિક્રે મખ્સૂસ થઇ. અગર હમેં ગૌર-ફિકર કરીએ તો, હરએક તેના તબકહ-સ્ટેજ વાસ્તે એક નબીએ નાતિકની ઝિમ્મેદારી અને ખુસૂસીયત છે. દીને ઈસ્લામની મુકમ્મલ તાઅમીર વાસ્તે મુખ્તલિફ અંબિયાની કાર-કિર્દગી અને કિરદાર નુમાયા અને કાબિલે ઝિક્ર છે. તેમાં,

(૧) **મૌ.આદમ સફીયુલ્લાહ** ના હિસ્સામાં દરો દીવાર અને ઈમારતની બંદિશ હતી.

(૨) **મૌ.નૂહ નજીયુલ્લાહ** ના સિરે છત, ફરશ અને રૂમોની હદો તય કરવાની હતી.

(૩) **મૌ.ઇબ્રાહીમ ખલીલુલ્લાહ** ના દામનમાં રૂમોમાં મુખ્તલિફ ચીઝો અને તેના મુકવાને વાસ્તે જુદા-જુદા સાઇઝ-શેપના ફર્નિચર અને રંગ રૌગાન કરવાના હતા.

(૪) **મૌ.મૂસા કલીમુલ્લાહ** ની ઝિમ્મેદારી ફરશ અને દીવારોને ઝૈબો ઝીનત બખ્શવાની હતી.

(૫) **મૌ.ઇસા રૂહુલ્લાહ** ના હાથ પર કબાટ-ફર્નિચરોમાં તરહ-તરહની દિલકશ, ચમકતી, રંગીન ચીઝોથી તાબિંદગી આપવાની હતી.

(૬) **ખત્મુલ મુરસલીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.)** ની કોશિશ એ હતી કે, દીને ઈસ્લામની ઈમારતનો ઢાંચો તો તૈયાર થઈ ગયો મગર તેમાં દાખિલ થાનાર વાસ્તે એવો રૂહાની-જિસ્માની સામાન મોહય્યા કરવાનો હતો કે, તેના બાશિંદાઓ આ ઈસ્લામી બિલ્ડીંગમાં સુકૂન સાથે રહી શકે. આપ નબી સાહેબે આ કામ કમાલીયત સાથે અંજામ આપીને ઝાહિરી તૌરથી ઘરને કામિલ કરી દીધું. મગર આપ જાણતા હતા કે, આ ઈમારતમાં એક એવી ચીઝ બાકી છે કે, જો ઉમ્મતના લોગો તે લઈ ઉઠશે **તો જ આ ઘર તેની અસ્લી માઅનામાં ઘર કહેવાશે.** નહીં તો તે બેજાન-બંજર-બેચૈન ઈમારત બનીને રહી જાશે.

મુમેનીન મુશ્ફેકીન ! આ ઈમારતે આલીશાનમાં એક ચીઝની કમી રહી ગઇ હતી. રજબુલ મુરજ્જબનો મુબારક મહીનો હમને એ સાહેબે જલાલતો ઈઝઝતની યાદ અપાવે છે. આ મહીનાની ૧૩ મી તારીખે આપની વિલાદતે બાસઆદત તે ઈમારતમાં થઈ કે, જેને આલમે ઈસ્લામ પોતાનો કિબ્લો અને મરકઝે ઈબાદત માને છે. **તે છે કાઅબતુલ્લાહિલ હરામ.** આ સાહેબે ઈમાન, **મૌ.અલીયુલ મુરતઝા અમીરૂલ મુમેનીન (અ.સ.)** છે. આપની માઅરેફત, વલાયત, ઉલ્ફત, મવદ્દત, ઈશ્કો મોહબ્બત જ આ ઈમારતે બાવકાર વાસ્તે દરકાર છે. તાઅમીરે ઈમારતે દીને ઈસ્લામ વાસ્તેનો જે છેલ્લો આખિરી તબકો-સ્ટેજ છે, તેના મુખ્તારો માલિક મૌ.અલી સાહેબે ઝુલફિકાર છે. જેમ

(બકીયહ પેજ નં. ૯ પર)

" હમારાથી હર એક ભલાઈની શાખો-ડાલીઓ નિકલે છે. "

## મસ્જિદ કઈ ? કિસ્ત -૨

મદીનતુલ મુનવ્વરહમાં રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) નઝદીક ચંદ મુનાફિકો નવી બનાવેલી મસ્જિદમાં આવવાની દરખ્વાસ્ત કરે છે. તે મસ્જિદનો મકસદ અહલે હક્કને નુકસાન પહોંચાવવાનો હોય છે. નબી સાહેબ તેમાં પધારી શકતા નથી. આપ **તબૂકની જંગ** વાસ્તે તૈયારી કરે છે અને આપની જગા પર આપના વાલી-વારિસ-જાઁનશીન મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને મુકી જાય છે. જે મુજબ મૌ.મૂસા કલીમુલ્લાહ આપની જગા પર મૌ.હારૂન ને હિદાયત વાસ્તે મુકી ગયા હતા. જેથી, નબી સાહેબની ગૈરહાઝિરીમાં મુનાફિકો કોઈ નવો ફિત્નો ના કરે.

આપના અ ફેંસલાથી મૌલા અલી ઘણા જ રઝામંદ હતા. નબી સાહેબે ફરમાવું કે, "અય અબલ હસન ! જો તમેં મારા સાથે તબૂક આવતા અને અલ્લાહતઆલા જે અજર તમને અતા કરતો, તે જ મુજબ નો અજર તમને મદીનામાં રહેવામાં મિલશે. અય અલી ! મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ ની મિસિલ, **આપ એકલા પણ એક ઉમ્મત છો, એક જમાઅત છો.**" કોઈ પણ દરજહના સાહેબ હોય, એમના ઝિમ્નમાં, સાયામાં, મીસાકમાં, ઈમાનમાં જેટલા મુઅતકેદીન-મુમેનીન હોય, અને તમામ તે દરજહમાં દાખિલ હોય છે. આના જ સબબ દરજહના સાહેબ એક મોટા મજમાઅ ના માલિક હોય છે.

નબી સાહેબ જાણતા હતા કે, એમની મદીનામાં ગૈરહાઝરીના વક્તમાં મૌ.અલીની તન્હા હાઝિરી જ કાફી છે. આપની હૈબત અને રોઅબના સબબ મુનાફિકોના મુસલમાનો પરના હમ્લાઓમાં રોક આવી જાશે. મકરબાઝી અને ફરૈબી પર પડદા પડી જાશે. મુનાફિકોના નાપાક મન્સૂબાઓ પર પાની ફિરી જાશે. હવે, જે વક્ત નબી સાહેબ આપના અસ્હાબ સાથે તબૂકની સફર પર નિકલા તે વક્ત મુનાફિકો ચર્ચા કરવા લાગા કે, "**લો ! જોયું ! મોહંમદ એના લાડલા અલીથી કેવા નારાઝ છે ?** અકેબીજાની મોહબ્બતમાં તિરાડ પડી છે, તેથી જ મોહંમદ તબૂકની સફર પર અલીને સાથે ના લઈ ગયા અને એમને મદીના એકલા છોડીને ચાલા ગયા."

મૌ.અલી (અ.સ.) ના કાન તક આ વાત પણ આવી કે, "હવે તો અલી મદીનામાં એકલા છે. એવા કોઈ અસ્હાબ નથી કે, જે આપના સાથે હોય. તો આ હાલાત નો ફાયદો લઈને, શાયદ મુનાફિકો દગાથી આપને મારી ના નાખે.". આપે નબી સાહેબને અરઝ કીધી કે, જે વક્ત આપ દૌરાને સફર હતા કે, યા રસૂલુલ્લાહ ! આપ સાંભલો છો કે, આ મુનાફિકો શું કહે છે ? આપના અને મારા દરમિયાન કઈ તરહ બેબુનિયાદ વાતો કરે છે ? નબી સાહેબે ફરમાવું કે, "અય અલી ! ભલા, આ વાત આપને કાફી નથી કે, **આપ મારી બે આઁખોને દરમિયાનની ચામડી છો અને મારી આઁખોના નૂર છો અને મારા બદનમાં રૂહના મકામમાં છો.**" આ કલામે નબવી સાંભલીને આપ મૌલાના દિલને ખૂબ તસ્કીન થઈ અને આપના મદીનામાં રહેવાનો મકસદ અયાઁ થયો અને ઝાહિર થયો.

ચંદ અય્યામ બાદ નબી સાહેબ તબૂક પધારી ગયા અને આપ મૌલા મદીનામાં ઠહેરા અને અહલે વલાના દરમિયાન કારે દાઅવત કરતા રહ્યા. જે વક્ત પણ મુનાફિકોના દિલોમાં નિફાક-દુશ્મનીનો ઉભરો આવે અને કોઈ સાઝિશની શુરૂઆત કરવાનો ઈરાદો કરે કે, ફૌરન **આપથી ખૌફઝદા થઇ જાય અને કઇ જ કરી ના શકે.** તેઓના તમામ ઈરાદાઓ નાકામ બનીને ઢેરના ઢેર થઈ જાય. જે વક્ત મદીનામાં મુનાફિકોની આ હાલત થઈ તો તેઓ નબી સાહેબ વાસ્તે ગલત વાતો કરવા લાગા. કહેતા કે, મોહંમદ હવે તબૂકથી સહીહો સાલિમ મદીના વાપસ નહીં આવે. ઈસ્લામ લાવારિસ થઈ જાશે. કુરઆન અધૂરા રહી જાશે અને મસ્જિદો વિરાન રહી જાશે.

(બકીયહ પેજ નં. ૯ પર)

**" હમારા સબબ અલ્લાહતઆલા અહલે દુનિયાને રોઝી આપે છે. "**

## ૮ મો ઉર્સે સૈ.વ.મૌ. તૈયેબ ઝિયાઉદ્દીનસાહેબ (આ.કુ.)
## તારીખે ઇન્તેકાલ ૫ શાઅબાન ૧૪૩૬ હિ.

અય મોહિબ્બો યે હમારે પેશવા કા ઉર્સ હે,
દીન કે સરદાર મરદે બાખુદા કા ઉર્સ હે,
થા મુબારક નામ તૈયેબ પુર ઝિયા કા ઉર્સ હે,
યાઅની સૈયેદના શહે અહલે વફા કા ઉર્સ હે,
વો મુકદ્દસ ઝાત હે જિસકી હે યે આરામગાહ,
જિસકે દામન મેં મિલેગી હશ્ર મેં હમકો પનાહ.
ઈસ જગા કો ક્યૂઁ ન હાસિલ હો ફઝીલત બેશુમાર,
આતેં જાતેં હૈં મલાઈક ઈસ જગા લૈલો નહાર,
ક્યૂઁ ન નાઝિલ ઈસ જગા હો રહેમતે પરવરદિગાર,
જબ યહાઁ આરામફરમાઁ દીન કે હૈં તાજદાર,
જિનકે દમ સે હમ ગુનાહગારોં કા બેડા પાર હે,
જિન સે યે નારાઝ હો ઉન સે ખુદા બેઝાર હે.
પાક, બલ્કે પાક-તર હે ઈસ જગા કી યે ઝમીં,
ક્યા યે બેજા હે કે ઈસ જા કો ન સમઝેં બિલ-યકીં,
હોતેં હૈં જન્નત મેં દાખિલ ઈસ જગા પર મુમેનીં,
દર હકીકત હે યે દર, દરવાઝએ ખુલ્દે બરીં,
અલ્લાહ અલ્લાહ ઈસ ઝમીને પાક કી ક્યા બાત હે,
નૂરો અલ્તાફો કરમ કી ઈસ જગા બરસાત હે.
જિન કી યે તારીખે રહેલત પાઁચવી શાઅબાન હે,
જન્નતુલ ફિરદૌસ મેં જો દાઈમી મહેમાન હે,
મરતબા ઉનકા બયાઁ કરના નહીં આસાન હે,
સચ તો હે યે બાત બલ્કે અપના યે ઈમાન હે,
બસ ખુદા કી શાન હે ઝાતે શહે તૈયેબ ઝિયા,
જિન સે યે રાઝી હુએ ઉન સે હુવા રાઝી ખુદા.
પેશવાએ મિલ્લતે અલવી હૈ, હે જિન કા શુમાર,
દમ કદમ સે જિન કે હે મિલ્લત કે ગુલ્શન મેં બહાર,
જિન કે દસ્તે પાક મેં દાઅવત કા હે યે કારોબાર,
મગફેરત કા હે હમારી ઉન પે સબ દારોમદાર,
હે વો મુમિન ઈનકા જો કે તાબેએ ફરમાન હે,
સાહેબે ઈમાન હોને કી યહીં પહેચાન હે.
ઉઠ ગયા હઝરત કા સાયા સર સે ઉસકા ગમ નહીં,
ગમ હે અબ ઈસ બાત કા ઈમાન મુસ્તહકમ નહીં,
જો હકીકતે હાલ હે, કહને સે ડરતેં હમ નહીં,
મરતબે મેં જૉનશીને શાહ ભી કુછ કમ નહીં,
દામને દાઅવત કા સાયા હે સરોં પર આજ ભી,
હે વહીં મસ્નદ, વહીં શેહ, ઔર તખ્તો તાજ ભી.
યા ઈલાહી ફૂલતા ફલતા રહે ઈન કા ચમન,
ઉલ્ફતે દાઈ રહે સર પર સદા સાયા-ફિગન,
તાકેયામત હો યૂં હી દરીયાએ રહેમત મૌજઝન,
હો દોઆ મકબૂલ યા રબ્બ યે તુફૈલે પંજતન,
જૉનશીને શાહ, ઝકીયુદ્દીન હાતિમ ઝિંદાબાદ,
જલ્વાફરમાઁ મસ્નદે દાઅવત સદા પાઈંદાબાદ. ✯

## ઈશ્કે હયદર

હમ ઘિરેં હૈં મુસીબત મેં મૌલા અલી,
હો નઝર જો તુમ્હારી તો બચ જાયેંગે,
પાસ હમારે નહીં કુછ, અય મૌલા અલી,
ઈશ્કે ઈમાઁ પે હમ જાન દે જાયેંગે,
દુશ્મન કે હો બુગ્ઝ કિતના મગર,
આકે દર પે તુમ્હારે પિઘલ જાયેંગે,
હો જો દિદાર ચહેરે કા મૌલા અલી,
દેખકે પૂરા કુરઆન પઢ જાયેંગે,
હે તમન્ના હમારી નજફ જાયેંગે,
સર ઝુકાતે હી રોઝે પે મર જાયેંગે.
જંગ મેં કાઁપ જાતે થે જિન્નાત ભી,
સારે કંકર ભી શોઅલોં મેં જલ જાયેંગે.
દેગી જન્નત નહીં હમકો દૌલત કોઈ,
ઈશ્કે હયદર સે હી ખુલ્દ મેં જાયેંગે,
હો નહીં ઉલ્ફતે પંજતન દિલ મેં ગર,
ખૈર અમલ ધૂલ બનકે સબ ઉડ જાયેંગે.
મૌલા ! આબિદ હે યૂસુફ તુમ્હારા સદા,
વિર્દે હયદર મેં હર પલ ગુઝર જાયેંગે. ✯

**" હમેં ઝિકિરના સાહેબો છે અને આ ઝિકિરની બુનિયાદ પર શરીઅત ઉભેલી છે. "**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૨૫
## અલવી અકીદાઓ - અકીદો - ૪૧

**અકીદો ૪૧ : અહલે ઇસ્લામ માંથી લોગોને એ ઇખ્તિયાર નથી કે, પોતાના ઇમામને મુન્તખબ કરી લે, પસંદ કરી લે; જો તેઓ આમ કરશે તો તે કરવું બાતિલ છે, જૂઠ છે.**

હમારો અકીદો આ છે કે, ઉમ્મતના ઈમામને ફક્ત ને ફક્ત તે ઉમ્મતના નબી જ કાઈમ કરી શકે છે. આ નબીનો રિશ્તો અલ્લાહની તૌહીદથી હોય છે. દુનિયાના તમામ લોગો કરતા એ અલ્લાહના પસંદીદહ હોય છે. **મુસ્તફા અને મુજતબા** હોય છે. આ નબી જ અલ્લાહના હુકમથી પોતાના ખલીફાને મુકર્રર કરી શકે છે. આ જ તરહની સુન્નત અને રસ્મે ઈલાહી હર નબીના દૌરમાં જારી રહેલી છે. કોઈ પણ નબી યા રસૂલના ખલીફા, ઉમ્મતના લોગોએ નથી બનાવા. જો આમ જ હોતે તો, લોગો જ પોતાના વાસ્તે શરીઅત અને કિતાબ બનાવી લેતે.

બની ઈસ્રાઈલે એમ ચાહ્યું હતું કે, તેઓના દરમિયાન કોઈ કાબિલ, લાઈક અને તાકતવર ખલીફાને મુકર્રર કરે, પણ તેઓ એમ ના કરી શકા. આખિરકાર નાકામ થઈને મૌ.મૂસા કલીમુલ્લાહ પાસે મજબૂરો બેબસ થઈને પલટા અને કહ્યું કે, "અય મૂસા ! હમેં થાકી ગયા પણ કોઈને હમેં આપના સિવાય ખિલાફતના મન્સબ વાસ્તે મુકર્રર કરનાર સાહેબ ના જોયા. ખિલાફત નો અમર આપના હાથમાં છે. આપ જે સાહેબને **લાઇક અને અહલીયત રાખનાર** સમઝો એને હમારા ખલીફા બનાવી શકો છો. હમેં આપના હુકમને હમારા ખુદા તરફથી આખિરી હુકમ સમઝીશું."

એ હકીકત તો રોશન છે કે, શરીઅતની હર ચીઝ હમને અલ્લાહતઆલાની વહદાનીયત તરફ લઈ જાય છે. તો પછી આ ઝમીન ઉપર આ શરીઅતને સાચવનાર ઈમામ પણ એક હોવા જોઈએ અને એ પણ અલ્લાહ તરફથી જ હોવા જોઈએ. નહીં તો, શરીઅત તેની અસ્લી હાલત પર બાકી જ ના રહે. **ઇમામનો મકામ ઉમ્મતને દરમિયાન અઝીમ હોય છે, મરકઝી હોય છે.** નબીના ખલીફા હોવાના સબબ અલ્લાહના અમરથી જ ઈમામ શરીઅતના હલાલો હરામને, હુદૂદને, અહકામને, અરકાનને, કરવા-ના કરવાને કાઈમ કરે છે. ઈમામ હર ઝાહિર-બાતિનથી વાકિફ હોય છે અને ઉમ્મતને શરીઅતની પાબંદીનો હુકમ કરે છે. ઉમ્મતના જે જાહિલો હોય છે તેઓને ઈલ્મ બખ્શે છે. જેને જેટલું આપવાનું હોય છે એના તરફ ઈમામ પહોંચાવે છે. આ ઈખ્તિયાર અલ્લાહ તરફથી ઈમામ સિવાય કોઈને આપવામાં આવો નથી.

શરીઅત અને શરીઅતને ચલાવનાર અલ્લાહ તરફથી હોય છે. જેમ શરીઅતમાં ફેર-બદલ કરવું, તબ્દીલો તહરીફ કરવું, ઝૈરો ઝબરી કરવું ઉમ્મત વાસ્તે મુમ્કિન નથી, તેમ શરીઅતના મુખ્તાર, મુહાફિઝ અને માલિક ઈમામે હક્કના હાથમાં જ હિદાયતનો દારોમદાર હોય છે અને આપ જ લોગોને જન્નતની નેઅમતોની ખુશખબરી આપનાર અને જહન્નમના અઝાબથી બચાવનાર હોય છે. અલ્લાહતઆલાએ આપની જ ઝાતે અત્હરમાં ઈલ્મે શરીઅત, કિતાબ અને હિકમતને જમાઅ કીધેલી છે.

જો ઉમ્મતના લોગો જે અકસર કરીને જાહિલ અને તાલિબે દુનિયા હોય છે, તેઓ પોતે એમના મનફાવતા શખ્સને ઈમામ તરીકે મુન્તખબ કરી લે, તો એ શખ્સ પણ તેઓના જેઓ જ હશે, રસૂલ અને આપના પસંદીદહ સાહેબો જેવો બિલકુલ નહીં હોય. લોગો તરફથી ઈમામ બનાવવામાં આવેલો શખ્સ હરગિઝ માઅસૂમ નહીં હોય. ખતા કરનાર લોગો ખતા કરનાર શખ્સને જ પસંદ કરતા હોય. લેહાઝા, એ શખ્સ ભુલોથી પાકો સાફ નહીં હોય. એમાં કોઈ શક નથી કે, એ શરીઅતના અહકામ-ફરમાનોનું પાલન કરાવવામાં, નાફિઝ કરવામાં, લોગોથી અમલ કરાવવામાં **ગલતી કરશે, ઢીલાશ કરશે, બલ્કે બિદઅતોને પૈદા કરશે** જે આહિસ્તા-આહિસ્તા લોગોને ગુમ્રાહી તરફ લઈ જાશે.

(બકીયહ પેજ નં. ૬ પર)

**" હમેં જેમ દુનિયાની ગલીઓથી વાકિફ છીએ, તેમ આસ્માનો-અફલાકની ગલીઓનું પણ ઈલ્મ રાખીએ છીએ. "**

(પેજ નં. ૫ નું બાકી)

રસૂલુલ્લાહ બાવાજીના આ સાફ-સાફ કલામ છે કે, "**હર બિદઅત ગુમ્રાહી છે અને હર ગુમ્રાહી જહન્નમની આગ છે.**" જેઓ એમ કહે છે કે, હમેં તમામની રાઇ-મશ્વરાને જમાઅ કરીને ઉમ્મતના ઈમામ મુકર્રર કરવાનો હક્ક રાખીએ છીએ, યાઅની હમારી રાઈથી જ રસૂલ કાઈમ થાવા જોઈએ. યાદ રહે કે, ઈમામત અને રિસાલત બેવે એકબીજાથી રાબેતો રાખે છે અને તે તૌહીદના શજરહની શાખો-ડાલીઓ છે. જો એ લોગો ઈમામત વાસ્તે કોઈ રાઈ રાખતા હોય તો તે રિસાલત વાસ્તે પણ લાગું થાય છે. જો રસૂલની પસંદગી લોગો તરફથી નામુમ્કિન હોય તો ઈમામની પસંદગી પણ નાજાઇઝ અને બાતિલ ઠહેરે છે.

જાહિલીયતના ઝમાનમાં જે વક્ત રસૂલુલ્લાહ બાવાજી ઉપર અલ્લાહતઆલા તરફથી રિસાલતની ચાદર નાઝિલ થઈ અને આપની હિદાયતની રોશની હર જગા ફેલાવવા લાગી તો યહુદીઓ, નસ્રાનીઓ અને મક્કાના મુશ્રિકો એક જૂથ થઈ ગયા અને તે વાત પર તાઅનાઝની અને ઈલ્ઝામ લગાવો કે, "મોહંમદ બિન અબ્દિલ્લાહ હમારા જેવા એક આમ ઈન્સાન જ છે. તો પછી ખુદા તરફથી એ નબી છે, તે કુબૂલ કરવું અને પોતાના બુઝુર્ગોના દીનને મુકી દેવું નાદાની છે." આ તરહ દુશ્મનો **નબી સાહેબની અલ્લાહ તરફથી રિસાલતને** માનવામાં મુખાલેફત કરતા હતા અને આ ગલત ખયાલ પર તમામ એક મત અને એક ગિરોહ થઈ ગયા હતા.

તો હવે, દુશ્મનો રસૂલુલ્લાહ બાવાજીના નુબૂવતના દરજા પર ઈલાહી પસંદગીનો ઈન્કાર કરે, ઝિદ્દ પર કાઈમ રહે, તો આપના ઈન્તેકાલ બાદ ઉમ્મતના લોગો વાસ્તે આપની આલે અત્હર, ઈલાહી પસંદગી અને સુન્નતે રબ્બાનીના સબબ, ઈમામતના દરજાને લાઈક કેમ ના હોઈ શકે ! ઉમ્મતે ઈસ્લામીયહ, ઈક્રારે રિસાલત વાસ્તે એક મત થાવા મુજબ ઈક્રારે ઈમામત વાસ્તે એક મત કેમ ના થઈ શકે ! **રસૂલુલ્લાહ બાવાજીના દીને અત્હરનો ખુલાસો, ઝુબ્દો, મરકઝ અને ઇન્તેહા તો ઇમામત જ છે.** જેમ વહ્યના ઝરીએ નબી સાહેબનો ઈલાહી રાબેતો સાબિત થાય છે, તેમ નબી સાહેબના ઝરીએ આપના ઈમામનો ઈલાહી રાબેતો બરકરાર થાય છે.

અલ્લાહતઆલા ફરમાવે છે કે, હમેં ઉમ્મતના હાથોમાંથી શરીઅત અને ઈમામતનો ઈખ્તિયાર લઈ લીધો છે. હર ચીઝમાં અલ્લાહતઆલાની હિકમત, મશયત અને અમર કામ કરે છે, પણ ઈમામતના વાસ્તે કોઈ અલગ ચાલ કે તબ્દીલી થઈ શકતી નથી. **અલ્લાહતઆલા તરફથી તે મુકર્રર જ છે.** લેહાઝા, લોગો કોઈ પણ બિના પર, કોઈ પણ હાલતમાં ઈમામને પોતે તય કરી શકે નહીં.

જે વક્ત કે, મૌ.આદમ સફીયુલ્લાહ ના ઈન્તેખાબ-પસંદગી પર ફરિશ્તાઓએ પોતાની રાય-નારાઝગી ઝાહિર કરીને પોતાની જ જમાઅત ગિરોહ-હમજિન્સ માંથી કોઈને મુન્તખબ-પસંદ કરવાની અલ્લાહતઆલા નઝદીક પૈશકશ કીધી, તો ગઝબનાક થઈને ફરિશ્તાઓથી ખિતાબ કરીને અલ્લાહતઆલાએ ફરમાવું કે, "ખબરદાર ! ચુપ થઈ જાવ ! તમારી ઝબાનને કાબૂમાં રાખો ! હું ઝિયાદહ જાણું છું તેને, જે ચીઝને તમેં જાણતા નથી. યાઅની કે, અમરે નુબૂવતમાં અને મુખ્તારે ઉમ્મત બનાવવામાં કયો શખ્સ કાબિલ છે તેનું તમને કઈ જ ઈલ્મ નથી. **જેનું ઇલ્મ ના હોય તે વક્ત ચુપ રહેવામાં જ સલામતી છે.**" તો આ મુજબ જે ફરિશ્તાઓ માઅસૂમ હતા, નૂરાની હતા, તેઓને ઈખ્તિયાર આપવામાં ના આવો, તો હર તરહથી ખતાવાર-ગુનાહગાર ઈન્સાનને આનો ઈખ્તિયાર કઈ તરહ હાસિલ થઈ શકે છે ! ☆


**તિજારત**

**Ismat Tinwala (MA, B.Ed.)**

**25 Years** of Proficiency in
Sanskrit, Hindi & Gujarati Subjects.

**8th to 12th (GSEB, CBSE, ICSE)**

**A2/103, Ali Chamber-1, 1st Floor, Taiyebi Park, Ajwa Road, Vadodara - 390019.**

**Ph.: 09409156524** ☆

## હમેં શીઆ-ઈસ્માઈલી-મુસ્તઅલવી-તૈયેબી-દાઉદી-અલવી બોહરા એમ માનીએ છીએ કે,

(૧) અલ્લાહતઆલાએ પોતાના આખિરી નબી મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર પોતાના આખિરી કલામ **કુરઆને કરીમ** નાઝિલ ફરમાવા છે. તેની **ઝાહિરી** તાઅલીમાત તન્ઝીલ છે. આપ નબી સાહેબ અને આપના પહેલા તમામ અંબિયાની **સુન્નતો** હક્ક છે.

(૨) આપ નબી સાહેબ બાદ અપના જાઁનશીન, કાઈમ મકામ, **વસી**, વારિસ અને વલી અમીરૂલ મુમેનીન મૌ.અલી (અ.સ.) છે. કુરઆને કરીમની **બાતિની** તાઅલીમાતના માલિક આપ છે. નબી સાહેબ અને આપને સાથે રાખવાથી શરીઅતના **અસલ-જડ** તક પહોંચી શકાય છે. આપ ઉમ્મતે મોહંમદીયહનાં **મૌલા** છો.

(૩) મૌ.અલી (અ.સ.) ની આલે અત્હરમાં **ઇમામત** બાકી છે. ફાતેમી ઈમામોનો સિલસિલો પહેલા ઈમામ મૌ. **હસન** અલ-મુજતબા (અ.સ.) થી શુરૂ થયો અને બીજા ઈમામ મૌ.અબૂ અબ્દિલ્લાહિલ **હુસૈન** (અ.સ.) થી બાવાજી બાદ દીકરા એમ ઈમામો નસ-બ-નસ કાઈમ થાતા રહ્યા અને ૨૧માં ઈમામ મૌ.અબુલ કાસિમ **અત્તૈયેબ** (અ.સ.) તક પહોંચ્યો.

(૪) ૫૨૮ હિ.માં મિસિરથી ૨૧ માં ઈમામ અત્તૈયબ (અ.સ.) એ **સતર** ઈખ્તિયાર કીધો. દુશ્મનોની બગાવતના સબબ અપના દોઆતોએ આપની શખ્સીયતને છુપાવી દીધી. યમનમાં આપના હુજ્જતે આપના **નાઇબ** તરીકે પહેલા દાઈએ મુત્લક ૫૩૨ હિ. માં સૈ. **ઝોએબ** બિન સૈ. મૂસા (ક.રૂ.) ને કાઈમ કીધા. દાઈએ મુત્લકનો સિલસિલો યમનમાં જારી થયો, જેઓ ૨૧ માં ઈમામ અત્તૈયેબ (અ.સ.) અને આપની આલે અત્હર તરફ દાઅવત કરતા રહ્યા. ઈમામના દૌરે સતરમાં દાઈએ મુત્લક જ મુમેનીનના **રૂહાની ઊમૂર** ના માલિક હોય છે.

(૫) એક દાઈએ મુત્લક ગુઝરે, તે પહેલા પોતે પોતાની જગા પર **ઇમામી ઇલ્હામથી અને રબ્બાની તાઇદથી** શાહિદો દરમિયાન બીજા લાઈક શખ્સને ઉપર નસ્સ ફરમાવીને દાઈ મુકર્રર કરે છે અને મુમેનીનના રૂહાની **વાલેદૈન** બનાવે છે. હમણા તક ૪૪ દોઆતે મુત્લકીન (આ.કુ.) ગુઝરા છે. તેમાં ૨૪ દાઈઓ યમનમાં, ૭ દાઈઓ અહમદાબાદમાં, ૧ દાઈ સૂરતમાં અને ૧૨ દાઈઓ વડોદરામાં ગુઝરા છે. આખિરમાં વડોદરા શહેર ત્રણ સદીઓથી દાઅવતે શરીફહનું મરકઝ છે.

(૬) હાલમાં જે દાઈયુઝઝમાન છે એ સાહેબ ૪૫માં **દાઇએ મુત્લક** છે. આપનું ઈસ્મે મુબારક હાતિમ, કુનીયત અબૂ સઈદિલ ખૈર અને લકબ ઝકીયુદ્દીન છે. આપને કાઈમ કરનાર ૪૪ માં દાઈ સૈ. અબૂ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (ક.રૂ.), જેમનો ૫ શાઅબાન ૧૪૩૬ હિ. ના દિન ઈન્તેકાલ થયા બાદ ચંદ અય્યામ પછી આપ ૨૦ શાઅબાને **તખ્તનશીન** થયા.


(૭) આપ મૌલાના **માઝૂને મુત્લક** સૈયેદી સઈદુલ ખૈર ઈમાદુદ્દીન સાહેબ (દા.મ.) છે અને **મુકાસિરે મુત્લક** સૈયેદી મોહંમદ નૂરૂદ્દીન સાહેબ (દા.મ.) છે.

(૮) અલ્લાહતઅલાએ જે પોતાની દાઅવત બેવે જહાનના લોગો વાસ્તે પેશ કીધેલી છે, તેમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની રિસાલત છે. આપના વસી મૌ. અલીયુલ મુરતઝા (અ.સ.) ની **વસાયત** છે. આપની આલે અત્હરમાં અઈમ્મતે ફાતેમીયીન (અ.સ.) ની **ઇમામત** છે. આ ઈમામોના નાઈબ અને ખિદમતગુઝાર દોઆતે કિરામ અને ઔલિયાએ એઝામની **દાઅવત** છે.

(૯) દાઈએ મુત્લકનો સિલસિલો જે વક્તથી યમનમાં શુરૂ થયો તેને હમણા તક **૧૦ સદીઓ** ગુઝરી ચુકી છે. દોઆતની (બકીયહ પેજ નં. ૧૨ પર)

**" હમારૂં મૂઁહ અને ઝબાન અલ્લાહતઆલાની નૂરાનીયતથી ભરેલા છે. યાઅની હમેં અલ્લાહતઆલાનું મૂઁહ અને ઝબાન છે. "**

## લફ્ઝી કશ-મ-કશ




**ઉભી તરકીબ :**

૧) રજબુલ મુરજ્જબ મહીનાના દરમિયાનમાં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની વિલાદતે મુબારકહ ના નૂરાની અય્યામ આવે છે, જેને અય્યામુલ ------- કહે છે. (૨)

૨) મોટામાં મોટી બહેતરી અને ખુશકિસ્મતી તે છે કે, બાઅદબ નૈક ઔલાદ હોય, મદદ કરનાર પડોશી હોય અને ------ માં રોઝી હાસિલ થાય. (૩)

૩) રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, “હું તમારા દરમિયાન બે ભારી, કીમતી અને ------ ચીઝોને મુકીને જાઉં છું. આ બેવે ચીઝો મને હૌઝે કૌસર પર આવીને મિલશે. તેને તમેં વિલગીને રહેજો. (૩)

૭) અલ્લાહતઆલાએ હર શખ્સને ખાસ બનાવેલો છે. હર એક માં કોઈની કોઇ ખાસીયત, આવડત અને ----- મુકેલું છે, જેનાથી એની પહેચાન કાઈમ થાય છે. (૨)


**આડી તરકીબ :**

૨) આઅમાલે ખૈરનું ------ વધારે હશે, તો જ આખેરતમાં તમારો મકામ અને દરજો બલંદ હશે. (૩)

૪) વલાયતે દાઈયુઝઝમાન (ત.ઉ.શ.), દીને ઇસ્લામના ------ થાંભાલાઓ માંથી તમામ કરતા અહમ થાંભલો છે કે, જેના ઉપર બીજા તમામ થાંભલાઓનો દારોમદાર છે. (૨)

૫) હાથીના અરબી નામમાં અને સૂર ફૂંકનાર ફરિશ્તાના નામમાં કઇ ચીઝ સરખી છે. (૨)

૬) હર જિસ્મ સાથે ----- જોડાયેલી હોય છે, જે મુજબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) સાથે આપના વસી મૌલાના અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) જોડાયેલા છે. (૩)




**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શાઅબાનુલ કરીમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહઃ** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફ્ઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✯

## હિલ્મ

હિલ્મ શું છે ? ઈલ્મ સાથે અને અકલ સાથે તેનો શું રિશ્તો છે ? શું હર શખ્સમાં હિલ્મ હોય છે ? જે શખ્સમાં ઈલ્મ હોય તો શું તેમાં હિલ્મ હોય છે ? આનો જવાબ એ છે કે, હર આલિમ-ઈલ્મનો રાખનાર હલીમ-હિલ્મવાલો હોતો નથી. હિલ્મ તે ઈલ્મનો તાજ છે. ઘરમાં નલમાંથી પાની તો આવે જ છે અને તેનાથી ટાંકી પણ ભરેલી હોય છે. મગર ક્યા વક્ત પર કેટલો નલ ખોલવો અને કેટલી મિકદારમાં પાની લેવું, તે ખૂબ અહમ છે. કોઇ શખ્સ અકલમંદીથી સોચી-વિચારીને પાનીને ઈસ્તેમાલ કરે તો એની આ આદત બહેતર કહેવાય.

અકલની ટાંકીમાં ઈલ્મ તો ખૂબ હોય મગર એ શખ્સને ખબર જ ના હોય કે તે ઈલ્મ-નોલેજ કઈ તરહથી, ક્યા (બકીયહ પેજ નં. ૯ પર)

**“ દુનિયાના હાસિદો હમારા ફઝલને અને દરજાને જોઈ નહીં શકે, બરદાશ્ત નહીં કરી શકે. ”**

(પેજ નં. ૨ નું બાકી)

હર ઘરની રૌનક, રોશની, વસવાટ વાસ્તે તરહ-તરહના કનેક્શન, જમણ-પાની અને હાજિતખાનાની ઝરૂરત પૈશ આવે છે, તેમ આ રૌનકઅફરોઝ ઈમારતને વલાયતે મૌ.અલીના કનેક્શન અને આપના દાઈ સૈયદના સાહેબ (ત.ઉ.શ.) ની રઝા અને દોઆની ઝરૂરત પૈશ આવે છે. આ હોય તો **ઇમારતે ઇસ્લામીયહની તાઅમીર મુકમ્મલ** કહેવાય અને ૭ મો તબકો પૂરો થયો કહેવાય. નહીં તો તે ઘર શયતાનીયત, ફસાદ અને ફિત્નાનો અડ્ડો બની જાય.

ઘરમાં આમદ અને રફત થાય છે, ઈદખાલો ઈખ્રાજ થાય છે. ઘણી ચીઝો અંદર દાખિલ થાય છે અને ઘણી ચીઝો જે રદ્દી હોય છે, તે બાહર ખારિઝ થાય છે. કોઈ એવું ઘર છે જ નહીં કે, જેમાંથી કોઈ **બિગડેલી ચીઝો કચરો** બનીને ખારિજ ના થાતી હોય. તો હમેં આ જ મફહૂમો માઅનાને ઈમારતે દીને ઈસ્લામ સાથે જોડીએ તો માઅલૂમ પડશે કે, ઘણી મોટી તાઅદાદમાં લોગો આ ઈમારતનો રોઅબો જલાલ અને દબદબો જોઈને દાખિલ તો થાય છે, મગર ઘણા કમ લોગો તે ઘરના સખ્ત કાયદા-કાનૂનનું પાલન કરીને તેમાં **તેના હક્ક-હદ્દ** પર ચાલીને રહી શકે છે. જે લોગો દાખિલ તો થયા મગર મૌ.અલીની વલાયતના સખ્ત કાનૂનથી ગાફિલ રહ્યા, જાહિલ રહ્યા, ઈન્કાર કીધો, માનવામાં કચાશ કીધી, તે તમામ જાણે બિગડેલી ચીઝોની માનિંદ કચરો બનીને ખારિજ થઈ ગયા. ખુદને ઈસ્લામવાલા તો કહે છે મગર તે ઈમારતમાં રેહવાની શરતોને ના માનીને તેઓ તેમાં નાહક્ક કબ્ઝો જમાવીને રહી પડે છે.

આ રજબુલ મુરજ્જબનો મહીનો હમ મુમેનીને આ પૈગામ આપે છે કે, અલ્લાહતઆલાએ દીને ઈસ્લામની હમને અઝીમુશ્શાન ઈમારત આપી છે, તો હમને ઉપર મઝકૂર તમામ ચીઝોને ઝહેનમાં રાખીને **ઇમારત-બિલ્ડીંગની અઝમતો વકાર** સાચવવો જોઈએ અને જે મુજબ અંબિયાએ કિરામ તેને સાચવી ગયા છે અને આજ તક હમેં તેનો એહતેરામ કરતા આવેલા છે, તે જ મુજબ હુઝૂરેઆલી સૈયદના સાહેબ (ત.ઉ.શ.) ના સાયએ શફકતમાં હમેં બા-અદબ આ જ ઈમારતમાં આબાદ રહીએ અને હમારી ઝિંદગીને કામિયાબો કામરાન કરીએ. ✯

(પેજ નં. ૩ નું બાકી)

મગર, અલ્લાહતઆલાએ આપ નબી સાહેબને ઝબરદસ્ત ઝફરયાબી અને કામિયાબી અતા કીધી. જંગે તબૂકમાં પરચમે ઈસ્લામ બલંદીથી લહેરાયો. **ફાતેહાના શાનો શૌકતથી આપ મદીના વાપસ ફિરા.** આ ફત્હો ઝફર માઅમૂલી ન હતી, મગર તે પણ મૌ.અલીના હાથ પર હાસિલ થઈ જે વક્ત મોઅજિઝતન આપ તબૂક પધારા અને દુશ્મનોને ઝૈર કીધા. આપ મૌલાના સબબ જ નબી સાહેબને બેવે જગા પર જીત હાસિલ થઈ. એક જંગે તબૂકમાં અને બીજી મદીનામાં કે, જે વક્ત ફાકિરો અને મુનાફિકોના દાવ-પૈચ ખત્મ થઈ ગયા.

મદીનામાં આવા બાદ નબી સાહેબને હુકમે ઈલાહી થયો કે, **“ તે મસ્જિદે ઝેરારને બાલી નાખે. ”** આપે અસ્હાબને મોકલીને તે મસ્જિદને જલાવી દીધી. આ મસ્જિદના બનાવનાર મુનાફિકો હતો અને તે અહલે ઈસ્લામ વાસ્તે મક્કારીનો અડ્ડો હતી. મસ્જિદને ઊભી કરનારા અબૂ આમિર, સામરીની મિસિલ હતો કે, જેએ મૌ.મૂસા નબીની ગૈરહાઝિરીમાં એક વાછરડાને ઊભું કીધું. લોગો વાછરડાની પૂજા કરવા લાગા. તો મૌ.મૂસા જે વક્ત કોહે તૂર પરથી પાછા ફિરા, તો તે વાછરડાની મૂર્તિને જલાવીને દરિયામાં ગરક કરી દીધી. તે જ મુજબ નબી સાહેબે મસ્જિદે ઝેરારને જલાવી દીધી. ✯

(પેજ નં. ૮ નું બાકી)

વક્ત પર, કેટલું કોને દરમિયાન અને કયા પૈરામામાં ઈસ્તેમાલ કરવું તો એ શખ્સ ગૈર-તજરૂબેકાર એન ગૈર-મુઅતબર આલિમ કહેવાય. એના ઉપર ભરોસો ના મુકી શકાય. એની કોઈ વાત સાબિત ના કહેવાય. હિલ્મ, ગુસ્સાને કન્ટ્રોલ કરે છે અને અક્લના હુકમને ખિલાફ ઈન્સાનની નફસ ના જાય તેની તકેદારી રાખે છે. અગર અક્લ રાજા છે તો ઈલ્મ તેનું દરબાર છે અને આ દરબારની પહેરેગીરી કરનાર હિલ્મ છે. ✯

**“ હમારા વાસ્તે દુનિયાની રાહત કડવી છે અને હમારા દુશ્મનો વાસ્તે દુનિયાની રાહત જ બધું છે. ”**

## હાતિમી કલમ અને અલવી ઈલ્મ કિસ્ત -3

યમનના તીસરા દાઈએ મુત્લક સૈ.હાતિમ સાહેબ (આ.કુ.) આપની કિતાબ "અલ-મજાલિસુલ હાતિમીયહ" માં મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) અને અબ્દુલ્લાહ બિન સલામ યહૂદીના ગિરોહ સાથે સવાલ-જવાબની ઝિક્ર ફરમાવે છે. ગઈ બે કિસ્તમાં ૪ સવાલોની બયાની થઇ ચુકી છે કે, જેમાં અબ્દુલ્લાહએ મૌ.અલી (અ.સ.) ને પૂછ્યું હતું કે, (૧) આસ્માનો અને ઝમીન કરતા કઇ ચીઝ ઝિયાદહ મોટી-અઝીમ છે ? (૨) દરીયા કરતા કઇ ચીઝ ઝિયાદહ ગની છે, ખઝાનેદાર છે ? (૩) કઇ ચીઝ પત્થર કરતા ઝિયાદહ સખ્ત છે ? (૪) આગ કરતા કઇ ચીઝ ઝિયાદહ ગરમ છે ? આપે આ સવાલોના જવાબમાં ઈલ્મના ગૌહર-જૌહર નશર કીધા.

આ તીસરી કિસ્તમાં બીજા બે સવાલો પૈશ કરવામાં આવે છે. અબ્દુલ્લાહ મૌ.અલીને પૂછે છે કે, **" કઇ ચીઝ હવા કરતા તેઝ રફતારથી ચાલે છે ? "** આપે જવાબમાં ફરમાવું કે, "મઝલૂમ શખ્સની દોઆની રફતાર હવા કરતા પણ તેઝ હોય છે. જો દોઆ કરનાર શખ્સ હક્ક પર હશે, મઝલૂમ હશે, મજબૂર હશે, લોગોના બદ રવૈયાથી બેબસ હશે, તો ઝરૂર એના લબથી દોઆ નિકલશે કે, ફૈરન અલ્લાહતઆલા તે દોઆને તેની બારગાહે યઝદાનીમાં કુબૂલ ફરમાવી દેશે."

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "અય રસૂલુલ્લાહ ! જે વક્ત મારા બંદાઓ આપને મારા મુતઅલ્લિક પૂછે, તો બસ ! (કહી દો કે) હું તેઓથી ઘણો જ કરીબ છું. દોઆ કરનારને જવાબ દઉં છું, જે વક્ત એ બંદો દોઆ કરે. તો હવે તેઓને મારા મુસ્તજીબ બનવું જોઈએ, મારો હુકમ માનવો જોઈએ અને મારા ઉપર ઈમાન લાવવું જોઈએ. શાયદ કે, આ અમલ તેઓ વાસ્તે રાહે રાસ્ત અને સીધો રસ્તો બને." બીજી એક આયતમાં બયાન છે કે, "તે અલ્લાહતઆલાએ જ તો તમને ઝમીનથી ઉછેરા, મોટા કીધા અને તે ઝમીનમાં જ તમને વસાવા. તો પછી જો કોઈ ખતા તમેં કરો તો તેનાથી મુઆફી માંગો, તે બાદ તેના તરફ તૌબા કરી પલટી જાવ, રૂજૂઅ થાવ. ઝરૂર ! મારો રબ નઝદીક છે અને હર દોઆને જવાબ દેનાર છે."

અલ્લાહતઆલાની બારગાહ અને મઝલૂમ શખ્સની દોઆ કરનારી ઝબાનના દરમિયાન કોઈ ફાસલો કે જુદાઈ હોતી નથી. અલ્લાહતઆલા બંદાથી ખૂબ જ કરીબ છે, યહાઁ તક કે, બંદાની શેહરગ કરતા પણ ઝિયાદહ કરીબ છે. ઝુલ્મનો શિકાર બનેલા બંદાની રૂદાદ યા મઝલૂમીયતની કહાની દુનિયાના લોગો નઝરઅંદાઝ કરી જાય છે, ફરામોશ કરી જાય છે, પણ અલ્લાહતઆલા એ મઝલૂમ શખ્સનો પણ એક સુનેહરો દિન લાવે છે કે, જે વક્ત એ હર તરહની નેઅમતોથી ફૈઝયાબ હોય છે અને હર તરહની દૌલતથી માલામાલ હોય છે. **એ મુલ્કનો બાદશાહ હોય છે** અને કોઈના ઉપર પણ ઝુલ્મ થાતો હોવાનું એનાથી બરદાશ્ત થાતું નથી.

જેમ હર જગા હવા હોય છે તેમ હર જગા તેને ચલાવનાર ફરિશ્તા હોય છે. ફરિશ્તા અલ્લાહતઆલાના તાબેએ ફરમાન હોય છે. તેના હુક્મ સિવાય હવાનો એક શમ્મો પણ ચાલી ના શકે. ફરિશ્તાઓ મઝલૂમ શખ્સની દોઆના તલબગાર હોય છે, તેની તલાશમાં હોય છે. જે ફરિશ્તાઓ હવાને રફતાર આપી શકે, તેઓ જ **દોઆએ મઝલૂમને હવાની રફતાર કરતા ઔર તેઝીથી રફતાર આપી શકે છે.** પછી તે દોઆને જિસ્માની કે વક્તી કે મકાની કે દુનિયાની કોઈ બંદિશો નડતી નથી.

અલ્લાહતઆલા ઝુલ્મ કરનાર શખ્સને એક મુકર્રર મુદ્દત આપે છે. જો એ તૌબા કરી લે અને મુઆફી તલાફી કરી લે તો એ અઝાબે રબ્બાનીથી છુટી શકે છે. વઈલ્લા, અઝાબની કાંટાદાર રસ્સીનો ફંદો એ ઝાલિમના ગલામાં પડતા વાર નહીં લાગે. એનો ઝુલ્મ એના વાસ્તે અને એના મદદગારો વાસ્તે તબાહી-ફકીરીનો સબબ બનશે.

બીજો એક સવાલ અબ્દુલ્લાહ મૌ.અલી (અ.સ.) ને એ મુજબ કરે છે કે, અય અલી ! આપ મને તે ચીઝની

(બકીયહ પેજ નં. ૧૫ પર)

**" હમને ઈઝા-તકલીફ આપનારો દુનિયાનો બદતરીન શખ્સ છે. "**

## રઝાએ ઈમામે હક્ક : કિસ્ત – ૬

## કિતાબ : તન્બીહુલ ગાફેલીન
## દાઈ : સૈ.હાતિમ સાહેબ (આ.કુ.)

હર ઈમામે હક્કના ઝમાનમાં કૌમો મિલ્લત, સમાજ અને સિયાસતના મુખ્તલિફ હાલાત પૈશ આવા છે. ઈમામે હક્કની હઝરતે આલીયહમાં લોગો તરહ-તરહના સવાલો લઈને પૈશ થાતા હતા. ઈમામે હક્ક સવાલ કરનારને એના ઝહેનની તાકત-સુલાહીયત મુજબ કાફી-શાફી જવાબ આપતા હતા. આ સવાલોના ખુલાસામાં ઈમામે હક્કની બયાનીનું મરકઝ તે રહેતું હતું કે, શીઅયાને હકક્કના દરજા શું છે ? તેઓ ઈમામ સાથે કઈ તરહ વાબિસ્તા છે ? ઝુલ્મ ભરેલી દુનિયામાં તેઓના આઅમાલ કેવા હોવા જોઈએ ? તેઓના જાનના દુશ્મન લોગોની મકરબાઝીથી છૂટવા અને પોતાની ઝાતને બચાવવા વાસ્તે તેઓની જેહાદ કઈ તરહની હોવી જોઈએ ? બિદઅતોના બદતર માહૌલમાં દીને હક્કના અરકાન કઈ તરહ સાચવવા જોઈએ ? વગેરહ.

મૌ. ઈમામ મોહંમદ અલ-બાકિર (અ.સ.) ની હઝરતે આલીયહમાં અબિલ જારૂદ પૈશ થયા અને અરઝ કીધી કે, "અય મૌલા ! જે બાદશાહ આપની ઈમામતે હક્કનો ઈકરાર ના કરતો હોય, આપની મવદ્દતથી દૂર હોય તો શું એ હમને કોઈ જગા પર આમિલ બનાવીને મોકલે યા એ હમને હુકૂમતના કોઈ કામકાજમાં શામિલ કરે, તો હમારા વાસ્તે એમ કરવું જાઈઝ થાય કે નહીં ? આપ મૌલાએ ફરમાવું કે, "એ શખ્સ હમારો મોહિબ્બ હોય, હમારા ઉપર ઈમાન રાખનારો હોય અને હુકૂમત તરફથી કોઈ ઝિમ્મેદારી સોંપવામાં આવે અને એ પોતાના ભાઈઓ-**શીઆઓની મદદ કરે અને જો તેઓ પર ઝુલ્મ થાતો હોય તો તેઓને તેમાંથી છોડાવે**, તો અય ભાઈ ! હું તમને ખુશખબરી આપું છું કે, એ શખ્સ હમારા નઝદીક ખૂબ અઝીઝ છે, મકામે બલંદવાલો છે. તમેં એ શખ્સને કહી દેજો કે, કોઈ અડચણ બગૈર એ હુકૂમતનું કામ લઈ ઉઠે."

મૌ. ઈમામ જાઅફર અસ-સાદિક (અ.સ.) એક મજલિસમાં આપના ખુસૂસી અસ્હાબ સાથે બેસા હતા, તે વક્ત આપે તમામથી ખિતાબ કરીને પૂછું કે, શું તમારામાંથી કોઈ હાકિમ-બાદશાહની અમાલત કરે છે યાઅની હુકૂમતનું કોઈ કામ કરે છે ? તેઓએ કહ્યું કે, હા મૌલા ! કેટલાક કરે છે. આપ મૌલાએ પૂછું કે, એ શખ્સ શું પોતાના ભાઈઓને અને જે લોગો ઉપર એ વાલી-આમિલ થઈને જાય છે, તેઓ પર રહેમ કરે છે, મદદ કરે છે ? જેઓ પસ્તહાલ હોય તેઓને ફાયદો પહોંચાડે છે ? સઘલાએ અરઝ કીધી કે, "આપ જે આ દરયાફ્ત કરી રહ્યા છો, તેવું કઈ જ નથી ! **શાયદ કે, એ આમિલો-વાલીઓ કઇ જ સમઝતા નથી.**" આપ મૌલાએ તન્બીહ કીધી, અસ્હાબને ચેતી દીધા કે, "જો એ આમિલોનો હાલ ખુદગરઝી અને દૌલત-તલબીનો હોય તો તમેં તેઓથી દૂર રહેજો."

આપ મૌલાએ મઝીદમાં ફરમાવું કે, "આવા આમિલો હમારી નઝરમાં નામવર નથી પણ નામચીન છે. તેઓ શયતાનની ઔલાદ છે. તેઓના નામો દફતરે ઈબ્લીસમાં લખવામાં આવે છે. તેઓનો અઝાબ એ હશે કે અલ્લાહતઆલા તેઓને ખિન્ઝીર-સુવરની શિકલે બદમાં યૌમે કેયામત ઉઠાડશે. ઈન્સાનના ખોલીયામાંથી નાપાક જાનવરના ખોલીયામાં નાંખી દેશે. તેઓ વાસ્તે મગફેરતના દરવાઝા બંધ થઈ જાશે. મગર અય મારા અસ્હાબ ! તમેં સઘલા ખુશકિસ્મત છો કે, **હમારા સબબ તમારા ઉપર અલ્લાહતઆલા ની હઝાર-હઝાર ઇનાયતો છે.** તમેં હમારી માઅરેફતના નૂરથી ઝીનતદાર છો અને તમારી આઁખો બસીરતના નૂરથી દુનિયાને જોઈ છે. આના સબબ તમેં હર બદીથી બચેલા છો." ☆

**" ખૈર અમલ કરનારા હર શખ્સ હમારી નઝરમાં ઈઝ્ઝતદાર છે. "**

**" હમારા હર કલામ પુરહિકમત અને કલામુલ્લહથી વાબિસ્તા હોય છે. "**

(પેજ નં. ૭ નું બાકી)

કિતાબોની બિના પર જમાઅતે અલવીયહ ની બુનિયાદ **૧૦૦ અકીદાઓ** પર છે. એક મુમિનની **વિલાદત**થી લઈને **વફાત** તક ની પૂરી ઝાહિરી-બાતિની ઝિંદગી અને આખેરતના હર પહેલૂ આ ૧૦૦ અકીદાઓમાં શામિલ છે.

(૧૦) દીને ઈસ્લામના **૭ સિતૂન**-થાંભાલાઓ છે : તેમાં (૧) **વલાયત** - ઝમાનાના સાહેબે હક્ક યાઅની દાઈયુઝઝમાનની હર હાલમાં ઉલ્ફતો મોહબ્બત. (૨) **તહારત** - વુઝૂ અને ગુસ્લથી જિસ્માની પાકી અને ઈલ્મો અમલથી નફસાની પાકી. (૩) **સલાત** - એક દિનમાં પાઁચ ફરઝો ની નમાઝ સાથે સુન્નતો નવાફિલ. (૪) **ઝકાત** - માલો દૌલતને પાક કરવા શહરૂલ્લાહમાં દાઈયુઝઝમાનના હાથ પર વાજેબાતની અદાયેગી. (૫) **સૌમ** - શહરૂલ્લાહમાં ૩૦ અય્યામના ફરઝના રોઝા. (૬) **હજ્જ** - હિજરી સાલના આખિરી મહીના ઝુલ હિજજહમાં મક્કા-મદીનાનો કસ્દ. (૭) **જેહાદ** - દીન અને અકીદાને સાચવવા વાસ્તે દુશ્મનાને જમાઅતથી દૂરી. આ ૭ સિતૂન બગૈર **દીને હક્કના આઅમાલ** અધૂરા અને નાકિસ છે.

(૧૧) શરીઅતની તમામ સુન્નતો-રૂસૂમાત મુમિનની **બહેતરી અને તરક્કી** વાસ્તે છે. તેમાં નૌમૌલૂદ-બચ્ચાનું નામ, અકીકો, મદ્રસો, મીસાક, તાઅલીમ, વેપાર, જમણવાર, શાદી, તલાક, ઈલાજ, વફાત, મજલિસે મોહર્રમ અને શહરૂલ્લાહના આઅમાલ શામિલ છે.

(૧૨) મુમિનનું ઈમાન તે છે કે, જે એના દાઈયુઝઝમાન પસંદ કરે, તે એને કુબૂલ હોવું જોઈએ. દાઈ એના જાન-માલના માલિક છે. સહેલાઈમાં કે સખ્તાઈમાં, ફકીરીમાં કે અમીરીમાં, સેહતમંદીમાં કે બીમારીમાં, હર હાલમાં દાઈના ફરમાનો હુક્મને ઝબાનથી, દિલથી, જિસ્માની ઝાહિરી આઅઝાથી સરે તસ્લીમ કરવાનું છે. દાઈથી **બેવફાઇ** તે ખુદાઓ રસૂલથી બેવફાઈ છે.

(૧૩) અલવી મુમિનના **ઇમાનમાં** આ ચીઝોનું હોવું લાઝિમી છે અને તેના પર જ એના **યકીનનો** તકીયો છે. સલવાતે અહલે બૈતે રસૂલ (સ.અ.), શફાઅતે ઈમામે હક્ક, અંબિયાના સહીફાઓ-કિતાબો, મલાઈકત-ફરિશ્તાઓ, જિન્નાત, કબર-બરઝખ, હિસાબ-કિતાબ, મહેશર, મીઝાન, કેયામત, કબરમાંથી ઉઠવું, જન્નત, જહન્નમ, મૌત, સિરાતે મુસ્તકીમ, મસાઇબે મૌ.ઈમામ હુસૈન (અ.સ.) પર આહોઝારી, દાઈએ હક્કના હુકૂક-વાજેબાત, સાહેબે દાઅવતની કદમબોસી, દોઆ, મઝાર-મજલિસ, મીસાક-મસ્જિદ, માએદહ-નેઅમતોનું થાલ, દોઆતનો વસીલો, નઝર-મન્નત, ઈમામે હક્કના નઝરૂલ મકામ, મહેફિલે ઉર્સ, મગફેરત-ફાતેહાખ્વાની, તસ્લીમો રઝા, આ અહમમાં અહમ ચીઝો **દીને કામિલ** વાસ્તે ખૂબ ઝરૂરી છે.

(૧૪) દાઈએ હક્ક આપના હર મુમિનને દાઅવત પૈશ કરે છે. આપ ખૈર અને ભલાઈ તરફ ઈઝન દે છે. આપની સોહબત તે મુમિન વાસ્તે ફઝલો શરફ છે અને રહેમતો બરકત છે. ગૈરની મજલિસો-જગાઓ તે મુમિન વાસ્તે આફત છે અને **બિદઅતો ઝલાલત**નું બયાબાન છે.

(૧૫) આલે મોહંમદ (અ.સ.) ના **ઇમામે હક્ક** આ ઝમીનના **માલિકો વારિસ** છે. આ વિરાસત ઈમામોને મૌ.અલી (અ.સ.) અને મૌ.ફાતેમા અઝ-ઝહરા (અ.સ.) થી ઈનાયત થયેલી છે. ઈમામે હક્ક યા આપના દાઈએ હક્ક જે જગા પર ઊભા (વકફ) રહીને મુમેનીન વાસ્તે **ઇમામતની નમાઝ** પઢાવે તે પાકીઝા જગાનો **મકામ** નમાઝ વાસ્તે ખાસ અને મુમ્તાઝ બની જાય છે. જમાઅતની કુલ મિલ્કતોના માલિક ઈમામુઝઝમાન (અ.સ.) છે અને આપના મસ્તૂર થાવા પર આપના નાઈબ દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) એ જ મુજબનો હક્ક રાખે છે. કોઈ શખ્સ આ અમરમાં દખલગીરી કરે તો એ ઈમામના હક્કને હડપ કીધો યા અમાનતમાં ખયાનત કીધી બરાબર છે. દાઈએ હક્કને કુલ ઈખ્તિયાર છે કે, આપ જેને ચાહે એને ઝમીને ઈમામુઝઝમાન (અ.સ.) માં દાખિલ કરે યા ખારિજ કરે, નિકાલી દે. ✯

**“ મુમિન વાસ્તે હમારી વલાયત-મોહબ્બત જ આઅલામાં આઅલા રોઝી છે. ”**

## હુનૈદી, હિન્દુસ્તાની યા હિન્દુ : કિસ્ત – ૬

દુનિયાનો આ દસ્તૂર છે કે, ચીનમાં રહેનારો શખ્સ ચીની કહેવાય, રશિયામાં રહેનારો શખ્સ રૂસી કહેવાય, મિસિરમાં રહેનારો શખ્સ મિસરી કહેવાય, તે જ મુજબ હુનૈદિસ્તાન-હિન્દુસ્તાનમાં રહેનારો શખ્સ હિન્દી-હિન્દુ જ કહેવાય. કોઈ શખ્સ કોઈ બીજાને હિન્દુ કહે તો તેનો મતલબ હરગિઝ એ નથી કે, એ કોઈ હિન્દુત્તવ નામી મઝહબને તાબેઅ છે યા કોઈ તરઝે ઈબાદત યા તરીકએ ઝિંદગીને માને છે. હિન્દુ લફ્ઝ હિન્દુસ્તાનની મુબારક સરઝમીન સાથે જોડાયેલો છે. તેનો બાશિંદો જેમ હિન્દી ઝબાન માને છે, તેના પકવાનોને પોતાના જમણનો હિસ્સો માને છે, તેના લોગોને પોતાના ઝમીની ભાઈ-બહેનો માને છે, તે મુજબ **હિન્દુસ્તાની-હિન્દુના લફ્ઝને** ફખરથી પોતાની શનાખ્ત સાથે વાબિસ્તા કરી દે છે.

હિન્દુસ્તાનનો પહેલાથી કોઈ એક મઝહબ છે જ નહીં. હર હિન્દુસ્તાની હિન્દુ છે, પછી ભલેને એ શખ્સ કોઈ બીજા મઝહબનો પૈરોકાર હોય યા તાબેઅદાર હોય. આ પાક ઝમીનની ઈઝ્ઝત, હિફાઝત અને તરક્કી વાસ્તે સેંકડો હિન્દુસ્તાનીઓએ પોતાની જાન કુરબાન કીધેલી છે. આ ઝમીનની બલંદીની બુનિયાદ તેઓની જાઁફિદાઈથી મઝબૂત અને પાયેદાર બનેલી છે. તે વાસ્તે કોઈએ પણ પોતાના મુલ્કની ઈઝ્ઝત વાસ્તે પોતાના ઝાતી મઝહબને દરમિયાનમાં લાવો નથી. પણ, મુલ્કના રહેવાસી પર શું વાજિબ થાય છે, તે પર અમલ કરીને પોતાના જાનો માલને ફિદા કરીને મુલ્કે હિન્દુસ્તાનની મોહબ્બત અને સલામતીનો ખયાલ કીધેલો છે. **મોહબ્બતે મુલ્ક હમારા ઇમાનનો એક અહમ હિસ્સો છે.**

હમારા હિન્દુસ્તાનની સકાફત-કલ્ચર, ઝબાન, રીત-રિવાજ, તસવ્વુરાત, તાઅલીમાત, સમાજી-સિયાસી નિઝામ, તહેવારો, તઅલ્લુકાત, ઈન્સાની રવાઁદારી, અખ્લાકો અકદાર (વેલ્યૂઝ), રહેની-કરની, વાનગીઓ, ઝહેનીયત (મેન્ટાલીટી), ધંધા-વેપારનો તરીકો, હુકૂમત અને રઈયત (લોગો) નો મેલજોલ વગૈરહ, કોઈ એક વક્ત યા એક જગા યા એક શખ્સની પૈદાવાર અને નતીજો નથી. આ તમામ ચીઝો એકબીજામાં એ મુજબ ગુંથાયેલી છે, મુન્સલિક છે કે, કોઈ એક શખ્સ યા મઝહબ તેમાં તબ્દીલી લાવી શકતો નથી. હઝારો સાલથી જુદા-જુદા પંથો-વાડાઓ, મુફક્કિરો, હકીમો, મુઅલ્લિમો અને અદીબો ની ઈલ્મી, સકાફતી, સમાજી, તિજારતી તદબીરો અને કોશિશોના સબબથી **હિન્દુસ્તાની ઝિંદગીમાં અને લોગોની રિશ્તાઓમાં હર રંગ-ઢંગની છાંટ અને અસર જોવા મિલે છે.**

હિન્દુસ્તાની રવિશ મજમૂઈ છે, સમાજના કોઈ એક તબકાની માલિકી નથી. તમામનો હાથ અને સાથ તેમાં સમાયેલો છે. હમેં આ જ રવિશના એક હિસ્સા છે. હમેં આ જ ઝમીનના ચમનના મહેકતા ફૂલો છે. જેમ બાગ કોઈ એક ફૂલથી નથી બનતો, તેમ મુલ્કની પહેચાન અને ઈઝ્ઝત કોઈ એક કૌમથી હરગિઝ બનતી નથી. ✩

સનાએ પંજતને પાક તું કીયા કરના,
સલામ પઢકે સદા નામ ભી લીયા કરના,
ઝબાઁ પે વિર્દ હો મુમિન હુસૈન કા હર દમ,
અગર હે જીના ઇસી યાદ મેં જીયા કરના.


### તિજારત

**HAATEMI COLLECTION**

**રીદા, જોડી, ડ્રેસ, કોટન દુપટ્ટા, ટી-શર્ટ, સલવાર, મોજા, હેન્ડબેગ, સ્કાફ, નુરી ટોપી, બ્રોચ, પીન, કપડાના પાઉચ, સફરા, જાજમ અને લેડીસ રીલેટેડ આઇટમ્સ ના વેપારી.**

Shop no. 9 Taj Complex,
Ajwa Road, Vadodara - 390019.

**FATEMA B. BHAISAHEB**

**Ph.: 9408786281 / 7990540997** ✩


**" હમારો મોહિબ્બ હશે તે કોઈ વક્ત પોતાના બૈરોને બેઈઝ્ઝત નહીં કરે યા મારે નહીં. "**

## દરસે કુરઆને કરીમ : સૂરતુલ બકરહ

**આયત : ૪૬, ૪૭ અને ૪૮**

**આયત ૪૬ :** જે લોગો યકીન રાખે છે કે, તેઓ એના પરવરદિગારને મિલનાર છે, મુલાકાત કરનાર છે અને એની જ તરફ પલટનાર છે, રૂજૂઅ થાનાર છે, તે એવા લોગો છે કે, જેઓ પોતાની નમાઝોમાં ખૂબ નમનતાઈ, નરમી, દિલની હાઝિરી રાખે છે, નમાઝને ખૂદની ઝાત પર ફરઝ સમઝે છે.

રસૂલુલ્લાહ બાવાજી બાદ કોઈ નમાઝના પાબંદ થયા હોય તો એ આપના વસી મૌ.અલી સાહેબે ઝુલફિકાર છે. આ વસીયતે અલવીયહ પર આપની આલે તાહિરના અઈમ્મતે ફાતેમીયીન અમલ-દર-આમદ થયા, પૂરી પુખ્તગીથી તેના ઉપર ચાલા અને લોગોને એ જ મુજબ ચાલવાની નસીહત કરતા રહ્યા. આનો અસર હમારે દરમિયાન એ છે કે, **આ આદતે હમીદહ પર હમારી જમાઅતના મુમેનીન ચાલી રહ્યા છે.** હમારી ઉમ્મીદો ખ્વાહિશ હમારા પરવરદિગારે આલમના દીદારે નૂરાનીથી ફૈઝયાબ થાવાનો છે અને તે રબ્બ તરફ હમારી સવારી જાય તે વાસ્તે તેની પુરખુલૂસ ઈબાદત કરવાનો છે.

આ આયતે શરીફહમાં **"ઝન્ન"** ના લફઝનો ઈસ્તેમાલ થયો છે. આમ તૌર પર "ઝન્ન" ની માઅની ગુમાન યા એવી ચીઝ કે જે શાયદ હકીકતથી દૂર હોય. મગર યહાઁ "ઝન્ન" યાઅની યકીન છે. અહલે શીઅયાનને અહલુલ બૈત (અ.સ.) થી એવો દરસ આપવામાં આવો છે કે, તેઓ હર ગૈબ પર યકીન રાખે છે. જે ચીઝો નઝરથી ઓઝલ હોય, દેખાતી ના હોય તેના ઉપર જો એટલું યકીન હોય, તો પછી જે વક્ત એ તમામ ચીઝો નઝરોના સામે લાવવામાં આવશે તો યકીનની હદ કઈ તરહની હશે. હમેં નમાઝને તેના પૂરા જિસ્માની અરકાન સાથે અદા કરીએ છે. ચહેરો હોય, હાથ હોય, પગ હોય યા સર હોય આ તમામ સજદહ - રૂકૂઅના અરકાન એક કામિલ નમાઝ વાસ્તે ઝરૂરી હોય છે. હમને ખબર છે કે, **પહેલામાં પહેલા અલ્લાહતઆલા બંદાની નમાઝને જોશે.** હમારી નમાઝ હમારી કામિયાબી વાસ્તે છે. જો તેમાં જ કુસૂર હશે તો પછી બીજા અમલોનો શું અંજામ થાશે !

**આયત ૪૭ :** અય મૌ. યાઅકૂબના ફરઝંદો (બની ઈસરાઈલ) ! મૈં જે મારી નેઅમત તમને આપી છે તેને યાદ કરો અને તેને પણ યાદ કરો કે, તમામ જહાનો ઉપર મૈં તમને ફાઝિલ બનાવા.

અલ્લાહ તરફથી નેઅમત ખૂબ મોટી ફઝીલત છે. આ નેઅમત કોઈ આમ નેઅમત નથી, મગર કોઈ એક કૌમમાં અંબિયાના મબ્ઊસ થાવાની નેઅમત છે. બની ઈસરાઈલની કૌમને આ નેઅમત અતા થઈ. જે જે અંબિયા આ જહાનમાં પૈગામે ઈલાહી લઈને પધારા, તેઓ એમના ઝમાનના લોગોમાં ફાઝિલ અને રૂહાની સરદાર થયા. જે તરહ મૌ.આદમ થી મૌ.ઈસા તક તમામ અંબિયા ની ફઝીલત એમની કૌમો કરતા આઅલા હતી.

મગર બની ઈસરાઈલના મુકાબિલ અલ્લાહતઆલાએ આલે મોહંમદ (સ.અ.) અને ઉમ્મતે મોહંમદીયહના મુમેનીનને એ નેઅમત અને બરતરી બખ્શી કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને આપના અહલુલ બૈત (અ.સ.) તમામ અંબિયાની ઉમ્મતો પર ફાઝિલ થઈ ગયા. આલમીનમાં-જહાનોમાં, ઔવલીન અને આખેરીન બેવે તરહના લોગો હોય છે. ઔવલીન યાઅની નબીના ઝમાનના પહેલાના લોગો અને આખેરીન યાઅની એ નબીના ઝમાનના પછીના લોગો. અલ્લાહતઆલએ રસૂલુલ્લાહ બાવાજીના દૌરને આખિરી દૌર કરાર કીધો છે કે, જે હશર-કયામત સાથે મુત્તસિલ-જોડાયેલો છે. આપ નબી સાહેબ, આપના વસીએ અકરમ અને આપના ફરઝંદો-ઈમામો તમામ, **જહાનના આગલા-પાછલા લોગોમાં ફાઝિલ છે અને ખૈર છે.** આ જ હમારા વાસ્તે અલ્લાહની મોટામાં મોટી નેઅમત છે.

(બકીયહ પેજ નં.૧૫ પર)

**" તાલિબે દૌલતે દુનિયા, એ કોઈ વક્ત હમારાથી તાલિબે નજાતે આખેરત થઈ શકતો નથી. "**

(પેજ નં. ૧૪ નું બાકી)

**આયત ૪૮ :** (અય બની ઈસરાઈલ !) નહીં કામ લાગે તમને ઝર્રા બરાબર પણ કોઈ શખ્સ તે ઈન્સાફના દિન, તેનાથી તમેં ખૌફ રાખો. કોઈના વાસ્તે પણ કોઈની સિફારિશ નહીં કુબૂલ કરવામાં આવે, કોઈનો બદલો કોઈના વાસ્તે નહીં લેવામાં આવે અને ના એને કોઈ મદદ કરવામાં આવશે.

દુનિયા જુર્મનું ઘર છે અને તેમાં મુજરિમો ભરેલા છે. આ કૈદખાનામાં તમામ સઝા ઉચકી રહ્યા છે. પણ આ મુજરિમોને દરમિયાન એક સાહેબે આલે મોહંમદ (સ.અ.) એવા મૌજૂદ છે કે, **આપના હાથમાં તમામની નજાત છે.** બની ઈસરાઈલની કૌમમાં અકસર કરીને કાફિરો હતા. ઘમંડી અને નાફરમાન હતા. હર નબીએ, જે તેઓમાંથી જ હતા, તેઓની બદીઓ વાસ્તે ઈન્ઝાર કીધો, ધમકાવા અને યૌમે કેયામતના અઝાબનો ડર અપાવો. મગર તેઓના દિલો પત્થર જેવા થઈ ગયા હતા.

ઈમામે હક્કની શફાઅત-સિફારિશ તે વક્ત કામ લાગે કે, જે શખ્સ તેનો તલબગાર હોય, એની ઝિંદગીમાં એના ઈમામની ઈતાઅત, પૈરવી અને મોહબ્બત એના દિલમાં મૌજૂદ હોય. **"રહેમાન"** યાઅની દાઅવતે હક્કના દરજહના સાહેબનો અહદ-મીસાક-બયઅતની રસ્સી-કિલાદો ગરદનમાં હોય અને તે અહદ સલામત હોય, તો જ એ સાહેબની શફાઅત કામ લાગે. જોવાની વાત એ છે કે, આ આયત ઈસ્લામના તમામ ફિરકાઓ પઢે છે અને ઈકરાર પણ કરે છે કે, અહદ-મીસાક હોવો લાઝિમી છે. મગર તેઓના નઝદીક રસૂલુલ્લાહ બાવાજી તરફથી અમરના સાહેબ ના હોવાના સબબ તેઓએ મીસાકના ઐન અકીદાને જ રદ કરી દીધો. **હમેં જે પઢીએ છે તે કરીએ પણ છે.**

આ હકીકત એવી છે કે, દીને ઈસ્લામના કુલ માનનારાઓમાંથી ખૂબ-ખૂબ કમ એવા લોગો હશે, જે મઝલૂમ હશે, મગર દીનને તેની અસલી હાલતમાં માનતા હશે. આ લોગોમાંથી હમેં છે, થોડા છે અને મઝલૂમ છે. અકસર લોગોને કોઈ પરવાહ નથી કે, તેઓ કયા દીન પર છે ! શું તે હક્ક છે યા તેના સિવાય કઈ બીજી જ ચીઝ છે ? આના સબબ તે સઘલા રહેમાનના અહદમાં નથી અને આમ તેઓ ફાસિકીન, ફાસિદીન અને ફાજિરીન માંથી થઈ જાય છે.

હમને હમારા રબ્બ અને હમારા નબી ખુશખબરી આપે છે કે, હમને હમારા આઅમાલે ખૈરના વાસ્તે બહેતર બદલો મિલશે, અહદ-મીસાકના સબબ હમેં પસંદીદહ છે, હમેં શફાઅતના મુસ્તહિક્ક છે. મૌ.ઈમામ જાઅફર અસ-સાદિક આપના શીઆઓને ફરમાવતા હતા કે, તમેં અય મુમેનીન ! **હમને ઇજતેહાદ અને પરહેઝગારીથી મદદ કરો.** યાઅની હમારી મોહબ્બત રાખીને દીનના અરકાનને, ફરઝોને, અહકામને અદા કરો અને બહેબૂદીએ મખ્લૂક વાસ્તે કોશિશ કરો. હમારા અમર બગૈર તમામ ચીઝો ખાક છે, ધૂલ છે. ✯

---

(પેજ નં. ૧૦ નું બાકી)

બયાની કરો કે, **જે ફક્ત બંદા વાસ્તે છે અને અલ્લાહતઆલા વાસ્તે નથી ?** આપ મૌલાએ ફરમાવું કે, "તે બંદાના અમલો છે, કામો છે, જે એના વાસ્તે જ છે અને તેં અલ્લાહતઆલા વાસ્તે નથી." મખ્લૂક પર વાજિબ છે કે, ખાલિકના ફરમાન મુજબ અમલ કરે. મખ્લૂકને મૌત આવશે જ, લેહાઝા તેના આઅમાલની પૂછની થાશે. ખાલિકના હાથમાં છે કે, બંદાના કયા અમલને કુબૂલ કરે અને કયા અમલને રદ્દ કરે. બંદાના ખૈર અમલ-નૈકી એને એની **ઝાતમાં મદદ** કરે છે કે જેથી એ ખાલિકની ખુશીને હાસિલ કરે છે. બંદાના શર અમલ-બદી એને એની **ઝાતને ખિલાફ** લઈ જાય છે કે, જેથી એના ખાલિક તરફથી નારાઝગી ઉઠાવવી પડે છે. બંદો નૈકી કરશે તો તેને લનશે અને બદી કરશે તો તે મુજબ ભુગતશે. બંદાના એક પણ અમલને નઝરઅંદાઝ કરવામાં આવશે નહીં. આખેરતમાં ખૈર અમલની કીમત કરવામાં આવશે. હર અમલનો બંદાથી સવાલ કરવામાં આવશે. અલ્લાહતઆલા એક ઝર્રા બરાબર પણ કોઈના ઉપર ઝુલ્મ કરતા નથી, પણ બંદો ખુદ ગુનાહ કરીને ખુદની ઝાતને મુસીબતમાં નાંખે છે. ✯

**" અલ્લાહતઆલાએ ઈન્સાફનું તરાઝૂ હમારા હાથમાં આપેલું છે. "**

## અન-નશીદુલ અલવી / કૌમી તરાના

પરચમ હમારા આઅલા, સારા જહાઁ હમારા,
હર સિમ્ત દિખ રહા હે, અલવી નિશાઁ હમારા.
હમ સબ્રો શુક્ર કે ગુલ, ખિલતેં હૈં ઉસ ચમન મેં,
જબ બાગબાઁ અલી હો, વો ગુલસિતાઁ હમારા.
ઈખ્લાસ મેં યકીં મેં, ઔર સિદ્દક મેં, સફા મેં,
હે મદહખ્વાન અબ તો, અહલે જહાઁ હમારા.
હક્ક પર થે ઔર રહેંગે, હક્ક સાથ હે હમારે,
શાહિદ હે હક્ક કી ખાતિર કૌનો મકાઁ હમારા.
હાતિમ શહા હૈં દાઈ, નાઈબ ઈમામ કે હૈ,
કુરબાન હમ કરેંગે, હર માલો જાઁ હમારા.
બરકાત કે ધની હૈં, માલિક હૈં ખૈર કે ભી,
ઝાહિર હે સબકે દરમિયાઁ, દાઈઝઝમાઁ હમારા.
દાઅવત કે બોસ્તાઁ કો ક્યા ખૂબ હે સઁવારા,
બાગે કુદુસ કે માલી, હે બાગબાઁ હમારા.
મુલ્કે હુનૈદ યે હે, હિન્દોસ્તાન પ્યારા,
હર ઝર્રા ઈસ ઝમીં કા, હે પાસ્બાઁ હમારા.
ક્યા હે અજબ ફઝલ મેં, ગુજરાત કા બડૌદા,
મસ્કન દોઆત કા હે, રૂહે રવાઁ હમારા.
કોઈ ઝમીં નહીં હે, બદરી મોહલ્લા જૈસી,
સદીયોં સે હે તરક્કી, કા આસ્માઁ હમારા.
દાઅવત કે ઈસ શહેર મેં, પાતે હૈં દીનો દુનિયા,
ઉલ્ફત સે રેહ રહેં હૈં, પીરો જવાઁ હમારા.
કાઈમ કિયા અલી કો, બોલે સફીયુદ્દીં તબ,
પરચમ ન ઝુકને પાએ, હક્ક હે નિશાઁ હમારા.
કરતી હે રશ્ક દુનિયા, ઐસા લિબાસ પાયા,
હે વાસ્તે ઝબાં કે, રશ્કે જિનાઁ હમારા.
દાઅવત કે નૂર સે હે, બેચૈન હર મુખાલિફ,
આરામો ચૈનો રાહત, અમનો અમાઁ હમારા.
હો મદ્રસા યા મજલિસ, ઔર હો મઝાર મસ્જિદ,
મીસાકો માએદહ હો, પૂરા કુરઆઁ હમારા.
શામિલ ખુશીએ દાઈ, જિસ કામ મેં નહીં હે,
રૂહે રઝા નહીં હે, યે હે બયાઁ હમારા.
દાઅવત કે ઈસ ચમન મેં, ઈમાઁ કા ફૂલ રંગી,
હર ગુલ મહેક રહા હે, હે મદહખ્વાઁ હમારા.
હલ કર દો હર એક મુશ્કિલ, અન્વર કી ઈલ્તેજા હે,
મૌલા અલી કે જૈસા કોઈ કહાઁ હમારા. ✫

**" જે વક્ત ખલ્કની આઁખો ઊંઘમાં બંધ હોય છે,
તે વક્ત હમારી આઁખો ઈબાદતમાં ખુલ્લી હોય છે. "**

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા અને A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman) કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✫

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.